# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સંસ્કૃતિ ભુંડિયા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાન અને ચીનના પ્રવાસ માટે રવાના થશે

2) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, દેશની સૌપ્રથમ સેમિકન્ડક્ટર ચિપ વર્ષ 2026 સુધીમાં ગુજરાતના સાણંદમાં સીજી પાવરના પ્લાન્ટમાંથી બનશે.

3) કતારે ભારતમાં મજબૂત રોકાણ માટેનો વિશ્વાસ વ્યકત કર્યો

4) જ્યોતિરાદિત્ય સિંધિયાએ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરના પૂરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિની સમીક્ષા કરી

5) મહારાષ્ટ્રમાં ઈમારત ધરાશાયી થતાં 17 ના મોત, નવ લોકો ઘાયલ, પાંચ લાખની સહાય

6) ભારતની પી.વી. સિંધુએ વિશ્વ બેડમિન્ટન ચેમ્પિયનશીપની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM JAPAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15-મા ભારત —જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા આજે સાંજે જાપાનના પ્રવાસ માટે રવાના થશે. પ્રધાનમંત્રીનો જાપાનનો આઠમો પ્રવાસ હશે. જ્યારે જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબા સાથે આ તેમની પહેલી શિખર બેઠક હશે. વિદશ મંત્રાલયે જણાવ્યું , આ પ્રવાસ દરમિયાન બંને પ્રધાનમંત્રી બંને દેશ વચ્ચે વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા કરશે. તેમાં સંરક્ષણ અને સુરક્ષા , વેપાર અને અર્થવ્યવસ્થા , ટૅક્નોલૉજી અને નવિનતા તેમજ પરસ્પર સહકાર સામેલ છે.

બંને પ્રધાનમંત્રી પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. આ પ્રવાસ બંને દેશ વચ્ચે લાંબા સમયથી રહેલા પરસ્પર સંબંધને વધુ મજબૂત બનાવશે.

જાપાનના પ્રવાસ બાદ શ્રી મોદી ચીન જશે , જ્યાં તેઓ રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગના નિમંત્રણ પર 31 ઑગસ્ટથી પહેલી સપ્ટેમ્બર સુધી તિયાનજિન ખાતે યોજાનારા શાંઘાઈ સહકાર સંગઠન- S.C.O. શિખર સંમેલનમાં ભાગ લેશે.

. . . . . . . . . . . .

# GUJ- ASHWINI VAISHNAW

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગુજરાતના અમદાવાદ નજીક સાણંદમાં સીજી પાવરના પ્રથમ સેમિકન્ડક્ટર આઉટસોર્સ્ડ એસેમ્બલી અને ટેસ્ટિંગ સુવિધાના પાયલોટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે, શ્રી વૈષ્ણવે આ પાયલોટ પ્રોજેક્ટને ભારતના સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે એક સીમાચિહ્નરૂપ ગણાવ્યો, અને જાહેરાત કરી કે આ પ્લાન્ટમાં પ્રથમ મેડ-ઇન-ઇન્ડિયા સેમિકન્ડક્ટર ચિપનું ઉત્પાદન કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે , 2032 સુધીમાં કુશળ સેમિકન્ડક્ટર વ્યાવસાયિકોની વૈશ્વિક અછતની અપેક્ષા રાખીને , ભારત સરકારે કુશળ માનવ સંસાધન વિકસાવવા માટે 270 યુનિવર્સિટીઓને અત્યાધુનિક ચિપ ઉત્પાદન ટેકનોલોજીથી સજ્જ કરી છે.

**(બાઇટ: અશ્વિની વૈષ્ણવ )**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં ભારતની પ્રગતિ આગામી વર્ષોમાં આત્મનિર્ભર ભારતના નિર્માણને વેગ આપશે. તેમણે નોંધ્યું કે ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે જેણે સેમિકન્ડક્ટર નીતિ બનાવી છે અને ગુજરાતમાં સૌથી વધુ સંખ્યામાં ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપિત થઈ રહ્યા છે.

**(બાઈટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ સાણંદ GIDC પરિસરમાં CG સેમી ખાતે બે સુવિધાઓ વિકસાવવા માટે 7 હજાર 600 કરોડનું રોકાણ કરાશે , જેનાથી લગભગ 5 હજાર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થશે.

આજે ઉદ્ઘાટન કરાયેલ આ સુવિધા દરરોજ પાંચ લાખ ચિપ્સની ક્ષમતા સાથે કાર્યરત થશે અને એન્ડ-ટુ-એન્ડ ચિપ એસેમ્બલી , પેકેજિંગ, પરીક્ષણ અને પોસ્ટ-ટેસ્ટ સેવાઓ સંભાળવા માટે સજ્જ છે. આ પ્લાન્ટ 2027 સુધીમાં સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે.

. . . . . . . .

# NIRMALA-QATAR MEETING

કેન્દ્રીય નાણાંમંત્રી  નિર્મલા સીતારમણે, આજે નવી દિલ્હીમાં કતારના વિદેશ વેપાર રાજ્યમંત્રી ડૉ. અહેમદ બિન મોહમ્મદ અલ-સૈયદ સાથે મુલાકાત કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે , બેઠક દરમિયાન બંને મંત્રીઓએ ભારત અને કતાર વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ દ્વિપક્ષીય વેપાર અને રોકાણ સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

ચર્ચા દરમિયાન , નાણાંમંત્રીએ વિદેશી રોકાણોને આકર્ષવા માટે છેલ્લા દાયકામાં ભારત દ્વારા લેવામાં આવેલા પરિવર્તનશીલ પગલાં અંગે વાત કરી. કતારના પ્રતિનિધિમંડળે ભારતમાં રોકાણ માટે મજબૂત તકો નોંધીને ભારતના આર્થિક વિકાસ અને તકનીકી પ્રગતિમાં વિશ્વાસ વ્યક્ત કર્યો.

. . . . .

# AMIT SHAH ASSAM VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે આસામની બે દિવસની મુલાકાતે ગુવાહાટી પહોંચશે. આવતીકાલે સવારે કેન્દ્રીય મંત્રી ગુવાહાટીમાં રાજભવનની નવનિર્મિત બ્રહ્મપુત્ર શાખાનું ઉદ્ઘાટન કરશે , ત્યારબાદ રાષ્ટ્રીય સાયબર ફોરેન્સિક પ્રયોગશાળાનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન અને સશસ્ત્ર દળોના વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

બાદમાં, શ્રી શાહ ગુવાહાટીમાં પંચાયત સંમેલનમાં હાજરી આપશે , જ્યાં લગભગ 20 હજાર ચૂંટાયેલા પંચાયત પ્રતિનિધિઓ હાજરી આપે તેવી અપેક્ષા છે , જેમાં ભાજપના 16 હજાર 671 અને NDAનાં અન્ય સહયોગીઓના 1 હજાર 500થી વધુ પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# SCINDIA - FLOODS

સંચારમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ, આજે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ અને કાશ્મીરના પૂરગ્રસ્ત વિસ્તારોમાં મોબાઇલ કનેક્ટિવિટી પુનઃસ્થાપિત કરવા અંગે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

આ બેઠક દરમિયાન ટેલિકોમ સચિવ ડૉ. નીરજ મિત્તલ , સંચાર મંત્રાલય, BSNL અને અન્ય ટેલિકોમ ઓપરેટરોના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

શ્રી સિંધિયાએ તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં, ખાસ કરીને જમ્મુના ડોડા અને ઉધમપુર જિલ્લામાં સેવાઓ પુનઃસ્થાપિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. શ્રી સિંધિયાએ ભાર મૂક્યો હતો કે , નાગરિકો તેમના પરિવારો અને આવશ્યક સેવાઓ સાથે જોડાયેલા રહે તે માટે દરેક શક્ય પગલાં લેવા જોઈએ.

. . . . .

# MAHA-BUILDING COLLAPSE

મહારાષ્ટ્રમાં મુંબઈના વિરાર પૂર્વ વિસ્તારમાં ગઈકાલે રાત્રે ચાર માળની ઇમારત ધરાશાયી થતાં 17 લોકોના મોત અને 9 લોકો ઘાયલ થયા છે.

આ ઘટના નારંગી વિસ્તારમાં રમાબાઈ એપાર્ટમેન્ટ્સમાં બની હતી . NDRF, પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા બચાવ કામગીરી ચાલુ છે અને અત્યાર સુધીમાં 24 લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું છે કે , કાટમાળ નીચે વધુ લોકો ફસાયા હોવાની આશંકા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ ઇન્દુરાની જાખડે બચાવ કામગીરીનો તાગ મેળવવા માટે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ઘટના અંગે શોક વ્યક્ત કર્યો અને દરેક મૃતકના પરિવાર માટે 5 લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી હતી.

રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી ગિરીશ મહાજને પણ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે સ્થળની મુલાકાત લીધી હતી

. . . . . .

# BADMINTON-JAVELIN

વિશ્વ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ક્વાર્ટર ફાઇનલમાં ભારતની પી. વી સિંધુએ વિશ્વની બીજા ક્રમાંકિત ચીનની વાંગ ઝી યીને હરાવીને પ્રવેશ કર્યો,

જ્યારે ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની ડબલ્સ જોડીએ આજે પેરિસમાં પાંચમા ક્રમાંકિત તાંગ ચુન માન અને ત્સે યિંગ સુએત પર જીત મેળવી. 15મા ક્રમાંકિત સિંધુએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં 48 મિનિટમાં 21-19, 21-15થી જીત મેળવી અને ચીન સામે 3-2થી હેડ-ટુ-હેડ રેકોર્ડ બનાવ્યો.

સિંધુ હવે ક્વાર્ટર ફાઇનલમાં વિશ્વ નંબર નવ ઇન્ડોનેશિયાની કુસુમા વર્ડાનીનો સામનો કરશે. સિંધુ હવે છઠ્ઠા વિશ્વ ચેમ્પિયનશિપ મેડલ જીતવાથી માત્ર એક વિજય દૂર છે.

. . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 31 ઓગસ્ટે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે.

આ માસિક રેડિયો કાર્યક્રમની 125મી કડી હશે . લોકો ટોલ -ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે . તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov પોર્ટલ દ્વારા ઓનલાઈન પણ સૂચનો મોકલી શકે છે. આગામી કડી માટે સૂચનો 29 ઑગસ્ટ સુધી સ્વીકારવામાં આવશે.

. . . .

# ARMY HOSPITAL

આર્મી હૉસ્પિટલ રિસર્ચ એન્ડ રેફરલ (AHRR) અત્યાધુનિક મોતિયા સારવાર પ્રણાલીનો ઉપયોગ કરીને રોબોટિક કસ્ટમ લેસર મોતિયાની સર્જરી કરનારી ભારતની પ્રથમ અને દક્ષિણ એશિયામાં બીજી સરકારી સંસ્થા બની છે.

જે લશ્કરી તબીબી સંભાળના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે . આ સિદ્ધિ રોબોટિક, બ્લેડલેસ અને કમ્પ્યુટર-માર્ગદર્શિત આંખની સર્જરીના ક્ષેત્રમાં નેત્ર વિજ્ઞાન વિભાગના સફળ પ્રવેશને ચિહ્નિત કરે છે.

. . . . . . .

# INDIA BHUTAN MoU

ભારત અને ભૂટાને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ટેકનિકલ સહયોગ પર એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કૃષિ મંત્રાલયના સચિવ દેવેશ ચતુર્વેદી અને ભૂટાનના કૃષિ સચિવ થિનલે નામગ્યેલે થિમ્પુમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા.

કૃષિ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સમજૂતી કરાર ભારત અને ભૂટાન વચ્ચેની સ્થાયી ભાગીદારીમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. જે બંને દેશોની ખાદ્ય સુરક્ષા, ટકાઉ ખેતી અને ગ્રામીણ સમૃદ્ધિ પ્રત્યેની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ સમજૂતી કરાર કૃષિ સંશોધન અને નવીનતા , પશુધન આરોગ્ય અને ઉત્પાદન, કુશળતાના આદાનપ્રદાન સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ માટે માળખા તરીકે કામ કરશે.

. . . . . . . .

# BANGLADESH-MOVEMENT

બાંગ્લાદેશમાં, 'એન્જિનિયરિંગ રાઇટ્સ મૂવમેન્ટ 'ના હેઠળ તમામ એન્જિનિયરિંગ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિદ્યાર્થીઓએ 'સંપૂર્ણ બંધ' પાડ્યો હતો.

ઢાકામાં ગઇકાલે થયેલ અથડામણો બાદ આ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જ્યાં પ્રદર્શનકારીઓ પર પોલીસે હુમલો કર્યો હોવાનો આરોપ છે.

યુનાઇટેડ ન્યૂઝ ઓફ બાંગ્લાદેશના અહેવાલ મુજબ, આંદોલનના નેતાઓએ બુધવારે રાત્રે બંધની જાહેરાત કરી હતી, અને તેમની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી શૈક્ષણિક પ્રવૃત્તિઓ બંધ રાખવાની જાહેરાત કરી હતી. દેશભરમાં વિદ્યાર્થીઓએ બધી શૈક્ષણિક પ્રવૃત્તિઓનો બહિષ્કાર કર્યો હતો.

. . . . . . . . . . . . .